eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 139
April 18, 2008

## લિંબાયત ઝોનની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં તા. ૯/૪/૨૦૦૮ બુધવારે રાખવામાં આવેલી સફાય ઝુંબેશ વોંર્ડ ઉમરવાડા–૨ વિસ્તારનાં એચ. ટી રોડ, ઈસ્લામપુરા, હળપતિવાસ, ચીમની ટેકરા, ગાંઘીનગર ઝુપડપટ્ટી, ડી ટેનામેન્ટ ૧થી ૯, શાકભાજી માર્કેટ કોલોની, સલીમનગર, જવાહરનગર, નેહરુનગર ખાડીકિનારો, હેલ્થ સેન્ટર રોડ, વિઠ્ઠલ ડાઈંગ ઢોળાવ, ૪૫૧ માર્કેટ થી ડી ટેનામેન્ટ પેચ કન્ટેનર સુધી, ઈ.ડબલ્યુ. એસ. વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ જુદી જુદી કોમર્શીયલ મિલ્કતોમાં ગુજરાત સરકારશ્રીના ઈમ્પેકટ ફી ના કાયદા હેઠળ અત્રેની કચેરી મંજુર પ્લાન વિરૂઘ્ધનું ગેરકાયદેસર બાંધકામ રેગ્યુલરાઈઝ કરાવવા મિલ્કતદારો ઘ્વારા અરજી કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ), રે.સે.નં.૧,૨,૩,૪માં આવેલ "વસંત ભીખાની વાડી" તરીકે અળખાતી મિલ્કતની દક્ષિણ –પશ્ચિમ દિશા તરફે સુરત મહાનગરપાલિકામાં "શોપિગ સેન્ટર" નાં હેતુ માટેનાં ૨૦૬૩ ચો.મી. ક્ષેત્રફળનાં રિઝર્વેશન પ્લોટનો કબજો મેળવવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ર્ડા.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરાંજલિ



સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૪–૪–૨૦૦૮ ના રોજ સવારે ૮.૦૦ કલાકે ર્ડા . બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે રીંગરોડ ખાતે આવેલ ર્ડા.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત ) વિસ્તારમાં તા. ૯/૪/૨૦૦૮ બુધવારે રાખવામાં આવેલી સફાય ઝુંબેશ વોંડ ઉમરવાડા–૨ વિસ્તારનાં એચ. ટી રોડ, ઈસ્લામપુરા, હળપતિવાસ, ચીમની ટેકરા, ગાંધીનગર ઝુપડપટ્ટી, ડી ટેનામેન્ટ ૧થી ૯, શાકભાજી માર્કેટ કોલોની, સલીમનગર, જવાહરનગર, નેહરુનગર ખાડીકિનારો, હેલ્થ સેન્ટર રોડ, વિઠ્ઠલ ડાઈગ ઢોળાવ, ૪૫૧ માર્કેટ થી ડી ટેનામેન્ટ પેચ કન્ટેનર સુધી, ઈ.ડબલ્યુ. એસ. વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલ હતી.

આ ઝુંબેશ કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ આરોગ્ય અને ઈજનેરી વિભાગના મળી કુલ–૨૨ જેટલા સુપરવાઈઝરી સ્ટાફની સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન આદરી કચરાનો નિકાલ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો . આ કામગીરી દરમ્યાન ગંદકી કરતા ઝડપાયેલા કુલ–૧૯ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૦૯ ઈસમો સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા તેમજ રૂા.૬,૨૦૦/– નો વહીવટી ખર્ચની વસુલાત કરી ૦૩ કિલો પ્લાસ્ટીકની થેલી જપ્ત કરી તેમજ ૨૨ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કર્યો. અને ૦૯ ટન કચરાનો નિકાલ કર્યો તથા મેટલ ગ્રાઉટીંગ, પેચકામ, પથ્થર રીસેટીંગની કામગીરી પણ કરવામાં આવી. તથા ૦૫ લારી ગલ્લા તથા અન્ય સર– સામાન દબાણ હેઠળ દૂર કરવામાં આવ્યો.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ જુદી જુદી કોમર્શીયલ મિલ્કતોમાં ગુજરાત સરકારશ્રીના ઈમ્પેકટ ફી ના કાયદા હેઠળ અત્રેની કચેરી મંજુર પ્લાન વિરૂધ્ધનું ગેરકાયદેસર બાંધકામ રેગ્યુલરાઈઝ કરાવવા મિલ્કતદારો ધ્વારા અરજી કરવામાં આવેલ. મા. કમિશનરશ્રી ધ્વારા સુરત માં પ્રસિધ્ધ થતાં જાહેર દૈનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપી બાકી રહેતી ઈમ્પેકટ ફી ની રકમ તા. ૩૧/૦૧/૨૦૦૮ સુધીમાં ભરી જવા માટે જાહેર નોટીસ આપવામાં આવેલ હોવા છતાં જે મિલ્કતોની ઈમ્પેકટ ફી આજદિન સુધી ભરપાઈ કરેલ ન હોય, તેવી મિલ્કતોની ઈમ્પેકટ ફી ની વસુલાત માટે મા. કમિશનરશ્રીની મળેલ સુચના મુજબ આજરોજ આવી જુદી જુદી ૩૪ મિલ્કતો પૈકી ૧૬ મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. આ કાર્યવાહી દરમ્યાન ઉકત ૧૬ મિલ્કતો પૈકી ૯ મિલ્કતદારો ધ્વારા બાકી નીકળતી ઈમ્પેકટ ફી ની રકમના ચેક સ્થળ ઉપર જ ભરપાઈ કરાવવામાં આવેલ છે. જયારે ૭ મિલ્કતો ને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેમાં શાંતિસદન એપાર્ટમેન્ટ – દુકાન નં.પી/૧૪, પ્રિતમ એપાર્ટમેન્ટ–દુકાન નં.૧,૨,૩,સિંધુભવન એપાર્ટમેન્ટ –દુકાન નં.૨,૭ તેમજ રામનગર કોલોની –દુકાન નં.૧/૧૪ નો સમાવેશ થાય છે. આમ, ઉપરોકત ઈમ્પેકટ ફી વસુલાત ની ઝુંબેશ હાથ ધરતાં કુલ રૂા .૫,૬૨,૪૬૩/–ની વસુલાત કરવામાં આવેલ છે.

ઉપરોકત કોમર્શીયલ મિલ્કતો ની ઈમ્પેકટ ફીની વસુલાત કરવા માટે સીલ મારવાની કાર્યવાહી અવિરત ચાલુ રહેશે. જયારે કોમર્શીયલ મિલ્કતો બાદ આગામી દિવસોમાં રેસીડેન્સીયલ મિલ્કતો ની ઈમ્પેકટ ફી ની વસુલાત માટેની કાર્યવાહીના ભાગરૂપે મિલ્કતોના નળ કનેકશન કાપી વસુલાતની કાર્યવાહી કરવામાં આવનાર છે.

TOP

## વરાછા ઝોનની કામગીરી

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વઝોન (વરાછા) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ), રે.સે.નં.૧,૨,૩,૪માં આવેલ ''વસંત ભીખાની વાડી'' તરીકે અળખાતી મિલ્કતની દક્ષિણ –પશ્ચિમ દિશા તરફે સુરત મહાનગરપાલિકામાં ''શોપિગ સેન્ટર'' નાં હેતુ માટેનાં ૨૦૬૩ ચો.મી. ક્ષેત્રફળનાં રિઝર્વેશન પ્લોટનો કબજો મેળવવામાં આવેલ છે. આ રિઝર્વેશન પ્લોટની અસર માં આવતી કંપાઉન્ડવોલને દુર કરી ત્યાં આવેલ વસાહતો /ચાલની રૂમોને સીલ કરી પ્રત્યક્ષ કબજો લેવામાં આવેલ છે. સદર ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ) ને રાજય સરકારશ્રીની અંતિમ મંજુરી આપવામાં આવેલ જે મુજબ બહુ ચર્ચિત મિલકત ''વસંત ભીખાની વાડી'' ને તેમાનાં રે.સ.નં.૧,૨,૩ અને૪ માંથી ''શોપિંગસેન્ટર '' માટેના રિઝર્વેશન પ્લોટ અને પશ્ચિમ તરફે ૦૯ મીટરના રસ્તાની કપાત કરી ફાઈનલ પ્લોટ નં.૧ આપવામાં આવેલ. (પરંતુ ચાલી રહેલ કોર્ટપ્રકરણને લીધે આજદિન સુધી સુરત મહાનગરપાકિા તરફથી કબજો મેળવવી શકાય તેમ ન હતો. હાલમાં આ દાવવઓને સંપૂર્ણ નિકાલ થતા ઉપર મુજબની કબજો મેળવવાની કાર્યવાહી આજ રોજ હાથ ધરવામાં આવેલ). વધુમાં દક્ષિણ તરફે આવેલ ટી. પી. રસ્તાની અસરમાં આવતી કંપાઉન્ડ વોલ તેમજ દુકાનોને દુર કરી કબજો મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

આ રીઝર્વેશન પ્લોટ અને ટી. પી. સ્કીમના રસ્તાઓનો કબજો સુરત મહાનગરપાલિકાને નહીં સોંપવા સબબ આ મિલકતાના હિત ધરાવનાર શ્રી ચેતનભાઈ આર. પટેલ તરફથી કોર્ટનો આસરો લઈ કબજો સુપ્રત કરવામાં આવી રહેલ ન હતો. ૧૬ વર્ષના લાંબા સમયગાળા બાદ કોર્ટ પ્રકરણો બાબતે સુરત મહાનગરપાલિકા સાથે સમાધાન થતા આજરોજ આ અનામત પ્લોટનો કબજો મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેમાં મિલકતદારો તરફથી સંપૂર્ણ સહકાર મળેલ છે. તથા રહેણાંકવાળા મકાનોમાં રહેતા કુટુંબો માટે વૈકલ્પીક વ્યવસ્થા કરવાનાં મુદ્દે મિલકતદારો તરફથી એક અઠવાડીયા માટેની મુદત તથા તે અંગે લેખીત બાંયધરી આપતાં તે મુજબ સમય ફાળવવામાં આવેલ છે.

આજના આ ઓપરેશનમાં અંદાજે ૩૦૦ ફુટ દિવાલ તોડી પાડી તેમજ ૨૦૬૩ ચો. મીટર રિઝર્વેશનની જગ્યાનો કબજો મેળવવામાં આવેલ છે. આ ઓપરેશન કાર્યપાલક ઈજનેર તમામ ટેકનીકલ સ્ટાફ, ૨૫ બેલદારો, ૩ ટ્રક,૧ જે. સી. બી. ની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

# ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરાંજલિ



સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૧૪–૪–૨૦૦૮ ના રોજ સવારે ૮.૦૦ કલાકે ડૉ . બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ નિમિત્તે રીંગરોડ ખાતે આવેલ ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દલિતોના મસીહા, ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુરતના પ્રથમ નાગરિક મેયરશ્રી ડૉ.કનુભાઈ માવાણી તથા ગુજરાત રાજયના પંચાયત, ગ્રામગૃહનિર્માણ, ગ્રામવિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ એ સુરતની આંટી અર્પણ કરી વંદના કરી હતી. આ પ્રસંગે ડે.મેયરશ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતા ડૉ.જગદીશભાઈ પટેલ, મ્યુ.કમિશ્નર કુ.એસ.અપર્ણા, વિરોધપક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, ધારાસભ્યશ્રીઓ, સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતી જયોતિબેન કોઠીયા, મ્યુ.અધિકારીશ્રીઓ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ, તથા પ્રજાજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી.ન.પ્રા.શાળાના વિદ્યાર્થીઓ ધ્વારા બાબા સાહેબના જીવન પર આધારિત સુવિચારો, સુવાકયો, " જયભીમ શાંતિ યાત્રા " વિગેરે સાથેના બેનર સહિતની રેલી આકારે આબેડકરની પ્રતિમા પાસે ભેગા થઈ ભાવાંજલિ આપવામાં આવી હતી. અંતમાં સૌએ ડૉ.બાબા સાહેબને સલામી આપીને અંજલિ આપવામાં આવી હતી. ડૉ.બાબાસાહેબ આંબેડકર "અમર રહો " ના નારાથી વાતાવરણ ગૂંજી ઉઠયું હતું.



TOP